GJGS020004252017

સ્પે.દિ.મુ.નં.૧૦/૨૦૧૭

## આંક –૧ નીચે હુકમ

(૧) આ કામનું રેકર્ડ વંચાણે લેતા, આ કામે પ્રતિવાદીના વકીલશ્રી તરફે આંક–૩૧ ની પુરસીસથી પ્રતિવાદી મરણ ગયેલાનું તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ જાહેર કરેલ છે અને તેની સાથે પ્રતિવાદીના મરણના દાખલાની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક–૩૨ થી પ્રતિવાદીના વારસદારોના નામ જાહેર કરવા અરજી કરેલ છે. ત્યારબાદ આંક–૩૫ થી પ્રતિવાદી તરફે અગાઉ આંક–૨૪ ની અરજીમાં જણાવેલ પક્ષકારો જ પ્રતિવાદીના વારસો છે તે જાહરે કરતી પુરસીસ આપેલ છે અને તે અનુસંધાને આંક–૩૨ ની અરજી નોટપ્રેસ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તા.૦૬/૦૫/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે. ત્યારબાદ વાદી તરફે પ્રતિવાદીના વારસો જોડવા માટે કોઈ અરજી આપવામાં આવેલ નથી. લીમીટેશન એકટની જોગવાઈ જોઈએ તો લીમીટેશન એકટના આર્ટીકલ.૧૨૦ માં કોઈપણ પક્ષકાર ગુજરી ગયેલ હોય તો તેના મરણની તારીખથી ૯૦ દિવસના સમયમર્યાદામાં તેના કાયદેસરના વારસોને જોડવા જોઈએ નહી તો દાવો તેમના પુરતો એબેટ થઈ જાય તેવી જોગવાઈ છે. હાલના કેસના સંજોગો જોતા પ્રતિવાદી તા.૦૬/૦૫/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ ત્યારથી આજ દીન સુધી વાદી તરફે પ્રતિવાદીના વારસો જોડવા માટે કોઈ અરજી આપવામાં આવેલ નથી કે વારસો જોડવાની અરજીમાં થયેલ વિલંબ માફ કરવા માટેની પણ કોઈ અરજી આપવામાં આવેલ નથી. આજરોજ પણ વાદી તરફે પ્રતિવાદીના વારસો જોડવા અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી કે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી કે કોઈ રીપોર્ટ પણ આપવામાં આવેલ નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતા, પ્રતિવાદી સામે વાદીનો હાલનો

દાવો સી.પી.સી. ઓર્ડર–૨૨, રૂલ–૪(૧) મુજબ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રતિવાદી તરફે આંક–૪૦ થી દાવો એબેટ કરવા માટે આપવામાં આવેલ અરજી આંક–૧ ના હુકમ મુજબ ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૦૩ જી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તા.૦૩/૦૨/૨૦૨૩
મુ.વેરાવળ.

(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
વેરાવળ
કોડ નં.જીજે–૦૦૮૭૭